જેનામાં 'હું' પણું નથી એને જ શાશ્વત શાંતિ મળે છે
- ભગવાન બુધ્ધ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૫ | ૫ મે ૨૦૧૨, શનિવાર, વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# રીસેટ-૧ના હૃદય સમું એન્ટેના ગાંધીનગરમાં નિર્માણ પામ્યું



## ગાંધીનગરની સહજાનંદ લેસર ટેકનોલોજી લિમીટેડમાં સેટેલાઈટ રીસેટ-૧નો મુખ્ય ભાગ સીન્થેટીક એપરચર એન્ટેનાની ડીઝાઈન અને નિર્માણ થયું હતું : કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર અરવિંદ પટેલને નવાં સંશોધનોનાં નિર્માણનો શોખ છે

ગાંધીનગર, તા. ૪

ગયા મહિને ઈસરોના શ્રી હરિકોટા સેન્ટર ખાતેથી અવકાશમાં સફળતાપૂર્વક પ્રત્યારોપિત થયેલા સેટેલાઈટ રીસેટ-૧ને ગાંધીનગર સાથે સંબંધ છે તેવુ કહીએ તો નવાઈ ચોક્કસ લાગે. પરંતુ આ વાત સાચી છે. સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજીથી બનેલા આ સેટેલાઈટનો મુખ્ય ભાગ કે જેને આપણે ઉપગ્રહનું હૃદય કહી શકીએ તે સીન્થેટીક એપરચેર એન્ટેનાનું નિર્માણ ગાંધીનગર સ્થિત સહજાનંદ લેસર ટેકનોલોજી લિમિટેડે કર્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી આ સેટેલાઈટના પ્રોજેક્ટ પાછળ કંપનીની ટીમ દિવસ-રાત એક કરી રહી હતી.

વાદળિયા વાતાવરણમાં કે રાત્રીના અંધકારમાં પૃથ્વીના સ્પષ્ટ ચિત્રો લઈ શકતા ઉપગ્રહ રીસેટ-૧



(રડાર ઈમેજીન સેટેલાઈટ)ને ગયા મહિને સફળતાપૂર્વક અવકાશમાં તરતો મુકાયો છે. આ સેટેલાઈટની વિશેષતા એ છે કે તેની સંપૂર્ણ ટેકનોલોજીનું નિર્માણ ભારતમાં થયું છે. ઈસરોના શ્રી હરિકોટા કેન્દ્ર ખાતેથી છોડાયેલો આ ઉપગ્રહ સફળતાપૂર્વક અવકાશમાં તરતો થયો છે અને તેણે તસવીરો મોકલવાનું શરૂ કર્યું છે. જેના વડે તસવીરો લઈ શકાય છે તે રીસેટ-૧ના સિન્થેટીક એપરચેર એન્ટેનાની ડીઝાઈન અને નિર્માણ ગાંધીનગર સ્થિત સહજાનંદ લેસર ટેકનોલોજીએ કર્યું છે. માઈક્રોવેવનો ઉપયોગ કરીને આ એન્ટેના દ્વારા તસવીરો લેવામાં આવે છે. અગાઉના ઉપગ્રહો દ્વારા જે તસવીરો લેવામાં આવતી હતી તે માત્ર ચોખ્ખા વાતાવરણમાં જ લેવી શક્ય બનતી હતી. રાત્રે અને વાદળિયા વાતાવરણમાં પૃથ્વીની તસવીરો લેવુ શક્ય બનતું ન હતુ જે હવે રીસેટના માધ્યમથી શક્ય બન્યું છે.

સહજાનંદ લેસર ટેકનોલોજી લીમીટેડના મેનેજીંગ ડિરેક્ટર શ્રી અરવિંદ પટેલ કહે છે કે છેલ્લા પાંચેક વર્ષથી ઉપગ્રહના એપરચેર એન્ટીનાનું કામ ચાલી રહ્યું હતું. તે સફળતાપૂર્વક પૂર્ણ થતા મને ખુબ આનંદ થયો છે. તેનું નિર્માણ કરીને મોટો નફો લેવાનો ઉદ્દેશ્ય અમારી કંપનીનો નથી. અમે તો માત્ર દેશને સ્વદેશી ટેકનોલોજી મળે તે માટે જ આ પ્રોજેક્ટ હાથ પર લીધો હતો. જો વિદેશમાં આ સિન્ટેટીક એપરચેર એન્ટેનાનું નિર્માણ કરાવાયું હોત તો તેનો ખર્ચ લગભગ ૧૦ કરોડ જેટલો થયો હોત. અમે માત્ર એક કરોડમાં તેનું નિર્માણ કર્યું છે. સિન્થેટીક



એપરચેર એન્ટેનાના કેટલાક ભાગો બનાવવાનો પ્રોજેક્ટ પહેલાં અમને સોંપાયો હતો. તે માટે અમે અમારી ગાંધીનગર સ્થિત ...અતિ કંપનીમાં સુવિધાઓ ઉભી કરી હતી. અમારૂ કામ જોઈને ઈસરોએ આખુ જ એપરચેર એન્ટેના બનાવવાનો પ્રોજેક્ટ અમારી કંપનીને આપ્યો હતો. અમે ઓછી કિંમતે દેશ માટે અત્યાધુનિક ટેકનોલોજીવાળા એન્ટેનાનું નિર્માણ કરી શક્યા તે અમારા માટે ગૌરવની વાત છે. આ ઉપગ્રહનું સફળતાપૂર્વક પ્રત્યારોપણ થતા ભવિષ્યમાં ઈસરો અને અમારા જેવી ખાનગી કંપનીઓ વચ્ચેનું બંધન વધુ મજબૂત બનશે તેવી આશા છે.

### લેસર ટેકનોલોજીમાં નીત નવા સંશોધનોએ અરવિંદ પટેલને અનેક એવોર્ડ અપાવ્યા છે

ગાંધીનગર, તા. ૪

ઈસરોના મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ રીસેટ-૧માં અગત્યનો ફાળો આપનાર અરવિંદભાઈ પટેલ ગુજરાતમાં આધુનિક લેસર ટેકનોલોજીના પ્રણેતા છે. લેસર ટેકનોલોજી ક્ષેત્રે નીતનવા સંશોધનો બદલ તેમને અનેક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.



ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશનમાં બી.ઈ. થયેલા અરવિંદભાઈ શાળાકીય જીવનથી જ અવનવા સંશોધનોમાં રસ ધરાવતા હતા. જીએનએફસી અને ઈસરો સાથે કામ કર્યા બાદ છેલ્લા ઘણા વર્ષોથી તેઓ સહજાનંદ લેસર ટેકનોલોજી લીમીટેડ કંપનીના મેનેજીંગ ડીરેક્ટર છે. લેસર ટેકનોલોજી ક્ષેત્રે સંશોધનો બદલ તેઓને ડૉ. વિક્રમ સારાભાઈ એવોર્ડ ફોર યંગ સાયન્ટીસ્ટ ઈન ધ ફીલ્ડ ઓફ ઈન્ડસ્ટ્રી, ૨૦૦૫માં બેસ્ટ એન્ટ્રાપેન્યોર ઓફ ધ યર' અને નેશનલ એવોર્ડ્સ ફોર લેસર ઈન્વેન્શન જેવા એવોર્ડ પ્રાપ્ત થયા છે. તેમની રાહબરી અને માર્ગદર્શન હેઠળ કંપનીને પણ અનેક એવોર્ડ-સન્માન પ્રાપ્ત થયા છે.

### રાત્રે અને વાદળિયા વાતાવરણમાં પણ રીસેટ થકી સ્પષ્ટ તસવીરો મળશે

ગાંધીનગર, તા. ૪

માઈક્રોવેવ થકી પૃથ્વીની વિવિધ તસવીરો મોકલવાનું મુખ્ય કામ કરતા રીસેટ-૧ને ગયા મહિને જ સફળતાપૂર્વક તરતો મુકાયો છે. અત્યાર સુધીના ઉપગ્રહો રાત્રે અને વાદળિયા વાતાવરણમાં તસવીરો લઈ શકતા ન હતા. રાત્રીની તસવીરો માટે ભારતને અત્યાર સુધી વિદેશી ઉપગ્રહો પર આધાર રાખવો પડતો હતો. હવે રીસેટ-૧ તરતો મુકાતા ઈસરોને સ્પષ્ટ તસવીરો મળશે. સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજી દ્વારા નિર્મિત રીસેટ-૧ના ઘણા ઉપયોગો છે. તસવીરો મોકલવા ઉપરાંત ખેતીપાકનો અંદાજ, વાતાવરણીય ફેરફારોનો અંદાજ અને ભૂકંપ અને સુનામીની આગાહી રીસેટ-૧ના માધ્યમથી શક્ય બનશે. સહજાનંદ લેસર ટેકનોલોજી લીમીટેડ કંપની દ્વારા રીસેટના રીસેટ ઉપગ્રહના ૨૧ જેટલા એપરચેર એન્ટેના બનાવાયા છે. એન્ટેનાના ટાઈલ કાર્બન ફાયબરમાંથી બનાવાવમાં આવ્યા છે. ૨૦૦૬-૨૦૦૭ના વર્ષમાં એન્ટેનાના કેટલાક ગૌણ ભાગો બનાવાયા હતા. જ્યારે મુખ્ય મશીનનું ઉત્પાદન ૨૦૧૧માં પૂર્ણ થયું હતું.



# જિલ્લા સેવા સદનની મુલાકાતે આનંદીબેન

ગાંધીનગર, તા. ૪

ઈ-ધરામાં હક્કનોંધ થયા અંગેની જાણ હવે એસ.એમ.એસ. દ્વારા અરજદારને કરવા અંગેના પ્રોજેક્ટનું લોકાર્પણ આજે રાજ્યના મહેસૂલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કર્યું હતું.

નેશનલ ઈન્ફર્મેટીક સેન્ટરના સહયોગથી આ પ્રોજેક્ટ માટે સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. આજે ગાંધીનગર કલેક્ટર કચેરીની મુલાકાતના પ્રારંભે રાજ્યના મહેસૂલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે આ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું હતું.

તેમણે ઈ-ધરા બાદ જનસેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી અને તેમાં તેમણે જે વિભાગોની અરજીઓ નથી આવતી અથવા ઓછી મળે છે તેવા વિભાગોનું ધ્યાન દોરવા તેમજ અરજદારની તકરારના નિવારણ માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરવા પણ સૂચવ્યું હતું.



ગાંધીનગર જિલ્લા સેવા સદનની આજરોજ મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મુલાકાત લીધી હતી. મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ઈ-ધરામાં અમલી બનાવવામાં આવેલ એસએમએસ સીસ્ટમની કામગીરીનો -ત્યક્ષ અનુભવ કર્યો હતો. જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ અને કલેક્ટર કચેરીના અધિકારીશ્રીઓ સાથે એક સમીક્ષા બેઠક યોજી હતી. જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા મંત્રીશ્રી સમક્ષ વહીવટી કામગીરીની માહિતી આપતું -ઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જિલ્લા વહીવટી તંત્રની વહીવટી કામગીરી વધુ પારદર્શક રીતે અને સરળીકરણ માટેની જરૂરી સુચનો કર્યા હતા.મંત્રીશ્રીએ કલેકટરશ્રી, -ંત અધિકારીશ્રી અને મામલતદારશ્રીઓને તબક્કા વાર જિલ્લાના તમામ ગામોની મુલાકાતની સુચારુ વ્યવસ્થા કરવા જણાવ્યું હતું જેના થકી ઘણા નાના-નાના -નો સ્થળ પર જ નિકાલ આવશે. તેમજ જિલ્લાવાસીઓની આવન-જાવન કલેકટર કચેરીમાં ઘટી જશે. લોકોમાં વહીવટી તંત્રની કામગીરીને લઈ વિશ્વાસ સંપાદન થશે, એમ જણાવ્યું હતું.

મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબહેન જિલ્લા સેવા સદનની મુલાકાત દરમ્યાન સૌ -થમ ઈ-ધરા શાખાની મુલાકાત લીધી હતી. આ શાખામાં કાર્યરત એસએમએસ સીસ્ટમની શાખાના અધિકારીશ્રી પાસેથી જાણકારી લીધી હતી. આ સીસ્ટમ અંતર્ગત નાગરિક અરજી કરે તે સમયે તેનો મોબાઈલ નંબર લેવામાં આવે છે. તે પછી અરજદારની અરજીની નોંધ થયા પછી તેની જાણ એસએમએસ થી કરવામાં આવે છે. તે પછી વિવિધ તબક્કે અરજદારની અરજી પર વહીવટી તંત્રની કામગીરી પૂર્ણ થતાં જ તેને એસએમએસથી જાણ કરવામાં કેવી રીતે આવશે, તેની માહિતી મંત્રીશ્રીને આપી હતી.આ પધ્ધતિના કારણે અરજદારને પોતાની અરજીની માહિતી પોતાના ઘરે બેઠા જ મળી રેહશે. તે પછી મંત્રીશ્રીએ જનસેવા કેન્દ્રની મુલાકાત લીધી હતી.

કલેકટર કચેરીની મુલાકાત પછી મંત્રીશ્રી આનંદીબેન પટેલની

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિકાસ મંત્રી નિતીન પટેલ જનતાની જાહેર માફી માંગે : કોંગ્રેસ

### પેટા ચૂંટણીના પરિણામોથી હતાશ થયેલા મંત્રી મંડળના સભ્યો વાણી પર લગામ રાખે : કોંગી

ગાંધીનગર, તા.૪

શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિન પટેલે ગાંધીનગર કોર્પોરેશનને લઈ



ઉચ્ચારેલા શબ્દો અંગે જાહેરમાં માફી નહિ માંગે ત્યાં સુધી તેમના તમામ કાર્યક્રમોનો બહિષ્કાર કરવાનો નિર્ણય નગરજનોને લેવાની ફરજ પડશે તેમ કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું છે.

માણસા વિધાનસભા મતવિસ્તારની પેટા ચૂંટણીના પરિણામો બાદ સત્તાધારી શાસક પક્ષ ભાજપ માનસિક હતાશા અનુભવી રહ્યો છે અને મંત્રી મંડળના સભ્યો જાહેરમાં વાણી વિલાસ કરી રહ્યાનો આક્રોશ પણ આ આગેવાનોએ વ્યકત કર્યો છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મેયર મહેન્દ્રસિંહ રાણા, પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નિશીત વ્યાસ, ગાંધીનગરના શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, ડે. મેયર યુસુફભાઈ પરમાર, સ્ટેન્ડીંગ ચેરમેન પ્રવિણભાઈ પટેલ, શાસક પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા, ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર


PTC 5700 જગ્યાઓ | TET-2012 | 19000 જગ્યાઓ
B.Ed. / PTC + સ્નાતક 13300 જગ્યાઓ
પરીક્ષાની તા. 24.06.2012 | સંપૂર્ણ સાહિત્ય FREE | ફી ₹ 28000 (NR) ₹ 99000 (R)
300+થી વધુ 'મેજીસ્ટ્રેટ'ની 'સીધી ભરતી'
❑ લાયકાત : ગ્રેજ્યુએટ તથા LLB ❑ ઉંમર : 21 થી 35 વર્ષ
❑ વર્ગ શરૂ થવાની તા. 03.05.2012 (ફક્ત ગાંધીનગર ખાતે)
❑ બેચનો સમય સવારના 7-00 થી 9-00 (સોમથી શુક્ર)
ફી ₹ 18,000/- (P) ₹ 31,000/- (M)
'મેજીસ્ટ્રેટ' LLBના વિદ્યાર્થીઓ માટે ખાસ
શનિ/રવિની ખાસ બેચ ફક્ત ગાંધીનગર / મહેસાણા શાખામાં જ તા. 5.5.2012 બપોરના 2 થી સાંજના 6 શરૂ થશે...
TCCI EDUCATION PVT. LTD.
નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

| | |
|---|---|
| ગાંધીનગર 9574004321 | પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા |
| પાલનપુર 9574004322 | એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સધી) દર શુક્રવાર રજા |
| પાટણ 9574004323 | 143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા |
| મહેસાણા 9574004324 | પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર મંગળવારે રજા |
| વિસનગર 9574004325 | 14 પ્રથમમાળ, સ્પાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર. • દર સોમવારે રજા |
| હિંમતનગર 9574004326 | બીજો માળ, યામાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ,હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા |

TCCI 'KNOWLEDGE VALLEY PUBLICATION'
ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !
ONLINE EDUCATION : 21 નવી શાખાઓ (મધ્ય-દક્ષિણ) ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં !
29.11.2012 થી ગાંધીનગર શાખાનું નવું સરનામું ➡ પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્કવેર, ઘ-રોડના છેડા પર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), પેથાપુર, ગાંધીનગર.
હેલ્પલાઈન ટૂંક સમયમાં 9574004328
ટૂંક સમયમાં TCCI શરૂ કરે છે ધોરણ-12 પછી 3 વર્ષનો
'MASTER COURSE' જેથી ભવિષ્યમાં આપનું સ્વપ્ન સાકાર થશે...
COURSE-1 વર્ગ 1/2 અધિકારી માટે (DYSP/DC/મામલતદાર)
COURSE-2 વર્ગ 3 માટે (BANK/LIC/ ગુજરાત સરકાર વગેરે માટે)
COURSE-3 UPSC "IAS" Special Course
GPSC (વર્ગ 1/2) ની જાહેરાત સંભવિત ઓક્ટોબર-2012, 1350 જગ્યાઓ



**જોઈએ છે**
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કન્યા હોસ્ટેલ, સેક્ટર-૨૩, (કડી કેમ્પસ), ગેટ નં. ૭, ગાંધીનગર માટે
ગૃહમાતા-ધોરણ-૧૨ પાસ
પટાવાળાબેન- ધોરણ-૭ પાસ
૨૪ કલાક હોસ્ટેલમાં રહી સેવા આપી શકે તેવા વિધવા, ત્યક્તાની પ્રથમ પસંદગી
દિન-૭ (સાત)માં રૂબરૂ મળો સવારે ૯ થી સાંજે ૫
ફોન : ૨૩૨૨૬૯૩૩
ફોન : ૨૩૨૪૯૪૮૮
મંત્રીશ્રી, સ.વિ.કે. મંડળ



**તાત્કાલિક જોઈએ છે**
ડેટા એન્ટ્રી ઓપરેટર
છોકરા / છોકરીઓ
જોઈએ છે
સંપર્ક
મો. : ૯૮૯૮૩૬૨૩૬૫








રોમન વેલી ગૃપ હવે લાવ્યા છે લકઝુરીયસ બંગ્લોઝની સ્કીમ...


સાઈટ ઉપર રૂબરૂ પધારો
સ્વામિનારાયણ મંદિરની સામે, ઈશ્વરપુરા, ગાંધીનગર-મહુડી હાઈવે
M: 90999 36999 • 98255 76583
આવતી કાલે શુભ મુર્હુત